# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Friday** **National News**

### આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

*************************************************

- ✓ આ રવિવારે નરેન્દ્ર મોદી સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકેના શપથ ગ્રહણ કરશે.. સરકાર રચવાના દાવા બાદ રાષ્ટ્રપતિએ આપ્યું આમંત્રણ...
- ✓ 18મી લોકસભા નવી ઉંચાઇ પ્રાપ્ત કરનારી અને નવી ઉર્જાથી ભરપૂર રહેશે તેવો નરેન્દ્ર મોદીએ વ્યક્ત કર્યો વિશ્વાસ...
- ✓ દેશના વિદેશી હુંડિયામણમાં વધારો થયો... આરબીઆઇના ગવર્નેરે દેશની આર્થિક સ્થિતિને મજબૂત ગણાવી...
- ✓ રશિયામાં નદીમાં ડૂબેલા ચાર વિદ્યાર્થઓના મૃતદેહ સ્વદેશ લાવવા માટે ભારતીય દૂતાવાસના સતત પ્રયાસો...
- ✓ 21મી જૂનના આંતરરાષ્ટ્રીય યોગ દિવસે આકાશવાણી અને દૂરદર્શન દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું કરાશે પ્રસારણ..

*******************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EVE.-NDA-MEETING

ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી રવિવારે ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહ રવિવારે સાંજે 6 વાગ્યે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાશે. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ આજે નવી દિલ્હીમાં એનડીએ સંસદીય દળની બેઠક દરમિયાન આ માહિતી આપી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નરેન્દ્ર મોદી અને તેમના નવા મંત્રીમંડળને શપથ લેવડાવશે.

નવી દિલ્હીમાં જૂની સંસદ ભવનનાં સેન્ટ્રલ હોલમાં યોજાયેલી NDA સંસદીય દળની બેઠકમાં નરેન્દ્ર મોદીને સંસદીય દળના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા.. બેઠકમાં કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે શ્રી મોદીને NDA નેતા તરીકે પસંદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.. શ્રી મોદીના નામનો પ્રસ્તાવ મૂકતા રાજનાથ સિંહે કહ્યું કે તેઓ આ પદ માટે સૌથી યોગ્ય વ્યક્તિ છે. કેન્દ્રીય મંત્રી અમિત શાહ અને નીતિન ગડકરીએ દરખાસ્તને સમર્થન આપ્યું હતું.

ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુએ કહ્યું કે, નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળની એનડીએ સરકારે છેલ્લા દસ વર્ષમાં નોંધપાત્ર વિકાસ કર્યો છે. તેમણે કહ્યું કે, દેશે નોંધપાત્ર પ્રગતિ અને પરિવર્તન જોયું છે. શ્રી નાયડુએ કહ્યું કે ભારત પાસે યોગ્ય સમયે યોગ્ય નેતા છે અને તે નરેન્દ્ર મોદી છે.

નરેન્દ્ર મોદીના નામને ટેકો આપતા બિહારના મુખ્યમંત્રી અને જેડી (યુ) પ્રમુખ નીતિશ કુમારે કહ્યું કે તેઓ શ્રી મોદીના નેતૃત્વમાં સાથે

મળીને કામ કરશે. શ્રી કુમારે કહ્યું, શ્રી મોદીએ દેશની સેવા કરી છે અને જે બાકી રહી છે તે નવી ટર્મમાં પૂર્ણ કરશે.

આ પ્રસંગે બોલતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે, NDA એ સત્તા માટે એકસાથે આવેલા પક્ષોનું જૂથ નથી પરંતુ તે સૌ પ્રથમ રાષ્ટ્રની ભાવના સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ ગઠબંધન છે. તેમણે કહ્યું કે, NDA ભારતના ઈતિહાસમાં સૌથી સફળ ગઠબંધન છે

તેમણે વિપક્ષી ગઠબંધન પર પણ કટાક્ષ કરતા કહ્યું કે વિપક્ષે ઈવીએમને દોષી ઠેરવવાનો અને ચૂંટણી પંચને નબળો પાડવાનો પ્રયાસ કર્યો. તેમણે વિપક્ષ પર ચૂંટણી પ્રચાર દરમિયાન લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો.

# PM PRESIDENT

નવી દિલ્હી ખાતે આજે સાંજે નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતા.. તેમણે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી.. રાષ્ટ્રપતિ સમક્ષ તેમણે એનડીએનો સરકાર રચનાનો દાવો કર્યો હતો.. એનડીએના સહયોગી દળોના સમર્થનના પત્રને પણ તેમણે રાષ્ટ્પતિને સોંપ્યો હતો. રાષ્ટ્રપતિએ નરેન્દ્ર મોદીને સરકાર રચવાનું આમંત્રણ આપતો પત્ર સોંપ્યો હતો..

સરકાર રચવાનો દાવો કર્યા બાદ નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવન પરિસરમાં સંબોધન કરતાં કહ્યું હતું કે તે અને તેમની સરકાર નવમી જૂને શપથ લેશે.. તેમણે મીડિયાના સંબોધનમાં જણાવ્યું હતું કે, દેશની જનતાએ એનડીએને ત્રીજી વાર સરકાર રચવા માટે જનાદેશ આપ્યો છે.. તેમણે ઉમેર્યું હતું કે, આગામી પાંચ વર્ષ ભારતના વિશ્વસ્તરે

શાખ વધારનારા હશે.. નવમી જૂને નરેન્દ્ર મોદી સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકેના શપથગ્રહણ કરશે..

**(બાઇટ- પીએમ)**

## PM MEETING

NDAના નેતા તરીકે ચૂંટાયા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાજપના ટોચના વરિષ્ઠ નેતાઓ લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીને મળ્યા હતા.. ભાજપના આ વરિષ્ઠ નેતાઓના નરેન્દ્ર મોદીએ આશીર્વાદ લીધા. શ્રી મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને પણ મુલાકાત કરી હતી.

## PM CONSTITUTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે, તેમનુ જીવન બંધારણને સમર્પિત છે.. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વાર કહ્યું હતું કે તેમના જીવનની દરેક ક્ષણ ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા આપવામાં આવેલા ભારતના બંધારણમાં સમાવિષ્ટ ઉમદા મૂલ્યોને જાળવી રાખવા માટે સમર્પિત છે. શ્રી મોદીએ ઉમેર્યુ હતું કે, બંધારણના કારણે જ ગરીબીમાં અને પછાત પરિવારમાં જન્મેલા તેમના જેવા વ્યક્તિ દેશની સેવા કરી રહ્યાં છે.. તેમણે કહ્યું કે, દેશનું બંધારણ કરોડો લોકોને આશા, શક્તિ અને ગૌરવ પ્રદાન કરે છે.

## PM-UKRAINE PREZ

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ પ્રધાનમંત્રીએ નરેન્દ્ર મોદીને અનુકૂળ સમયે યુક્રેનની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું છે. આ આમંત્રણ બંને નેતાઓ વચ્ચે ફોન પર વાતચીત દરમિયાન આવ્યું હતું, જ્યાં ઝેલેન્સકીએ પ્રધાનમંત્રી  મોદીને તેમની તાજેતરની ચૂંટણીમાં જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ આગામી વૈશ્વિક શાંતિ સમિટમાં ભારતની ભાગીદારીના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે ઉચ્ચ સ્તરે ભારતની જોડાણના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો.

# MUMBAI-RBI

ભારતનો વિદેશી મુદ્રા ભંડાર, 651.5 અરબ ડોલરની નવી ઐતિહાસિક ટોચે પહોંચી ગયો છે.. ગયા અઠવાડિયે 24 મેના રોજ ચલણ અનામત 646.67 અરબ ડોલર હતું. આ પછી વિદેશી મુદ્રા ભંડારમાં 4.83 અબજ અમેરિકી ડોલરનો વધારો થયો છે.

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે શુક્રવારે ત્રણ દિવસીય દ્વિ-માસિક મોનેટરી પોલિસી કમિટીની સમીક્ષા બેઠકના નિર્ણયોની જાહેરાત કરી હતી.. તેમણે આ અંગે જણાવ્યું હતું કે, એકંદરે બાહ્ય ધિરાણની જરૂરિયાતોને સરળતાથી પૂરી કરવાનો વિશ્વાસ છે.

આરબીઆઈ ગવર્નરે જણાવ્યું હતું કે,"નાણાકીય વર્ષ 2024-25 માટે ચાલુ ખાતાની ખાધ તેના ટકાઉ સ્તરની અંદર રહેવાની સંભાવના છે." આ સાથે તેમણે રેમિટન્સ, સેવા નિકાસ અને ઓછી વેપાર ખાધમાંથી આવતી મદદનો સંકેત આપ્યો હતો. દેશના વિદેશી વિનિમય ભંડારને કોઈપણ બાહ્ય ક્ષેત્રની ખલેલ સામે ટકી રહેવા અર્થતંત્રની મજબૂતાઇને ગણવામાં આવે છે..

# MEA-STUDENTS-DROWNED

રશિયામાં ચાર ભારતીય વિદ્યાર્થીઓના ડૂબી જવાના કારણે મોત થયા હતા.. આ ઘટનામાં  યુનિવર્સિટી અને સ્થાનિક સત્તાવાળાઓના ભારતીય વાણિજ્ય દૂતાવાસ સંપર્કમાં છે અને તમામ શક્ય મદદ કરી રહ્યું છે.

રશિયાના વેલિકી નોવગોરોડમાં સ્ટેટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ચાર ભારતીય વિદ્યાર્થીઓ વોલ્ખોવ નદીમાં ડૂબી ગયા હતા..  જ્યારે  પાંચમા ભારતીય વિદ્યાર્થીને ડૂબતા બચાવી લેવામાં આવ્યો હતો. હાલ તેની સારવાર ચાલી રહી છે.

મંત્રાલયે કહ્યું કે, સેન્ટ પીટર્સબર્ગમાં દૂતાવાસ મૃતદહોને સ્વદેશ પરત લાવવા માટે સ્થાનિક અધિકારીઓ સાથે સંકલન કરી રહ્યું છે. કોન્સ્યુલેટ, મહારાષ્ટ્રના જલગાંવમાં પરિવારો અને જિલ્લા વહીવટીતંત્રના સંપર્કમાં છે.

# YOGA---AKASHVANI---DD

માહિતી અને પ્રસારણ મંત્રાલય યોગાભ્યાસના ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવવા તથા સામાન્ય યોગ પ્રોટોકોલ વિશે માહિતી આપતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરશે. માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુ અને સચિવ, આયુષ વૈદ્ય અને રાજેશ કોટેચાએ આજે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2024 ની વિવિધ પ્રવૃત્તિઓ માટેની તૈયારીઓની સમીક્ષા કરી.

દૂરદર્શન અને આકાશવાણી દ્વારા પ્રસાર ભારતી વિવિધ કાર્યક્રમોનું પ્રસારણ કરશે. મંત્રાલયે કહ્યું કે, દૂરદર્શન વિશેષ લાઈવ મોર્નિંગ શોની સાથે યોગ નિષ્ણાતો સાથે કાર્યક્રમો અને ઈન્ટરવ્યુનું પ્રસારણ કરશે. મોરારજી દેસાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યોગા સાથે મળીને આકાશવાણી યોગને લોકોની માનસિક અને શારિરીક સુખાકારી માટે પ્રોત્સાહિત કરતા કાર્યક્રમોનું પ્રસારણ કરશે. આયુષ મંત્રાલયે એક યોગ ગીત તૈયાર કર્યું છે જે તમામ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરવામાં આવશે.

## Sikkim Krantikari Morcha

સિક્કિમ ક્રાંતિકારી મોરચાની સંસદીય પાર્ટીએ સર્વસંમતિથી ભાજપના સંસદીય દળના નેતા નરેન્દ્ર મોદીને ભારતના પ્રધાનમંત્રી તરીકે સમર્થન આપવાનો નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રી પ્રેમસિંહ તમંગે તેમના અધિકૃત સોશિયલ મીડિયા પેજ પર આ જાહેરાત કરી હતી. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે, તેમના નિવાસસ્થાન મિન્ટોકગેંગ ખાતે નવા ચૂંટાયેલા ધારાસભ્યો સાથે યોજાયેલી બેઠકમાં સર્વસંમતિથી ભાજપના સંસદીય દળના નેતા તરીકે નરેન્દ્ર મોદીને સમર્થન આપવાનું નક્કી કરાયું છે. તેમણે ઉમેર્યું હતું કે, તેઓ 10મી જૂને પાલજોર સ્ટેડિયમમાં શપથ ગ્રહણ કરશે.

## ISSF MEDAL

મહિલાઓની 50 મીટર રાઇફલ સ્પર્ધામાં સિફ્ટ કૌર સમરાએ આજે મ્યુનિકમાં ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન  વર્લ્ડ કપ રાઇફલના

સમાપન દિવસે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.. આ સાથે જ  ભારતે બે મેડલ સાથે સ્પર્ધાનુ સમાપન કર્યું હતું.. અત્રે ઉલ્લેખનીય છે કે, સરબજોત સિંહે ગઈ કાલે પુરુષોની 10 મીટર એર પિસ્તોલમાં ગોલ્ડ જીત્યો હતો. આ સ્પર્ધામાં વિશ્વના નંબર 1 ગ્રેટ બ્રિટનના સિઓનાઈડ મેકિન્ટોશે 466.7ના સ્કોર સાથે ગોલ્ડ જીત્યો હતો.